Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૪ મું
અંક ૨

માગશર

વીર સં. ૨૪૮૪
વિ. સં. ૨૦૧૪

## સામાન્ય જિન સ્તવન

(રાગ–મારી એક જ છે પગથાર)

મારે જાવું પ્રભુ પગથા....ર (૨)
એ જ કેડીએ કેઇ કેવળીની, ચાલી ગઇ વણજાર—
મારે થાવું છે ભવપા....ર.

ત્યજી દીધા તમે વૈભવોને, વળી થયા અણગાર,
મુક્તિવધૂના સ્વામી થઇને, ચિર સજ્યા શણગાર;
જીવન મરણના જંગ ખેલીને, પામ્યા ભવનો પાર. મારે.
કોઇ નથી કોઇ કોઇનું જ્યારે, જાગે જીવનમાં ભાન ત્યારે,
જે જાયું તે જરૂર જ જાશે, કોઇ નહિ રોકણહાર. મારે.
મોક્ષે જાવું....શિવસુખ પાવું—
ઘનઘાતીનો નાશ કરીને મોક્ષે જાવું, શિવસુખ પાવું,
અવિચળ સુખના ભાગી થઇને, સિદ્ધશિલા શોભાવું,
ભવવનમાં ભટકીને થાકયા, કરો જલ્દી ભવપાર. મારે.

રચયિતા–સુશીલાબેન ચીમનલાલ ઝવેરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસાર જલધિ તરંગ

(સંસારને સમુદ્રની અને તેમાં અનુભવાતા વિકારોને
તરંગોની ઉપમા ઘટાવી છે.)

(હરિગીત)

સંસાર જલધી છે ભર્યો, બહુવિધ તરંગી જાળથી,
ક્ષણુમાં બહુ ઉછળે અને, તે નષ્ટ થાએ મૂળથી;
જે વેગ ધરતા ઉછળે છે, તે તરંગો જાય છે,
બીજા વિવિધ જાતી તરંગો, ત્યાં ફરી પથરાય છે. ૧
સ્થિરતા નહીં ક્ષણુ એકની ને, રૂપ બહુવિધ ધારતા,
નાચે અને કલ્લોલ કરતા, નષ્ટ થાએ સર્વથા;
રવિકરતણા સંયોગથી, બહુ રંગ સુંદર ધારતા,
જે નયન રમ્ય અને અલૌકિક ભાવ સુંદર ડોલતા. ૨
ક્ષણુ ક્ષણુ મરે ને જન્મ ધારે, નવનવા ક્ષણુવારમાં,
એવા તરંગો બહુ ગમે છે, વિવિધ આ સંસારમાં;
જે ગર્વથી ઉછળે તરંગો, ઉચ્ચ બહુ આનંદથી,
તે ક્યાં ગયા પાછા થયા, જાણે ન કોઇ મનથકી. ૩
ઘટમાળ ચાલે વિવિધ એવી, નિત્ય અવિરત વેગથી,
ક્યાં અંત એનો આવવાનો, નહીં દિસે નિજ નેત્રથી;
સુખ દુઃખ ક્ષણુ ક્ષણુ બદલતા, બહુ ચલ તરંગિત થાય છે,
બહુ હાસ્ય રોદન ભાવના, જે વિફલ સફલ જણાય છે. ૪
શુભ અશુભ સંયોગો કરે, ચલ ચિત્ત ચિત્રિત ભાવના,
આશા નિરાશા વેગ ધારે, વ્યર્થ સુખની જલ્પના;
શુભ ભાવનાનું થાય પરિવર્તન, અશુભમાં જે થકી,
તેના તરંગો નિત્ય ઉછળે, ચિત્તમાં બહુ વેગથી. ૫
જ્યાં ક્રોધ લોભતણા ફરે છે, મગરમત્સ્યો અતિ ઘણા,
મદ મોહ મત્સર વિવિધ જલચર, ક્રૂર શત્રુ આત્મના;
વેગે ફરે છે સત્ત્વ હરવા, સદ્ગુણો સંહારતા,
નિજને છુપાવી જલતરંગી જાળ નીચે દોડતા. ૬
ગંભીર ને બહુ શાંત ભાસે, જલધિ એ સંસારનો,
લોભાવતો માનવતણે, ગાઇ ધ્વનિ સંગીતનો;
શમ દમ તિતિક્ષા હો કદી, નિજ આત્મ સાથે સંકળી,
તપ જપ અને વૈરાગ્યભાવે, જ્ઞાનઘન જાએ મળી. ૭
એમાં રહ્યા છે સુગુણુના, મણિઓ અને મુક્તાફળો,
તિમ જ્ઞાન દર્શન ત્યાગ સંયમ, રત્નસંચય છે ભલો;
એ સહુ તરંગો તિમિરના, દૂરે કરો સમકિત વરી,
તો સહજમાં તરશો ભવાબ્ધિ વિનતિ બાલેન્દુ ધરી. ૮

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

तार्किकवर न्यायविशारद महोपाध्याय श्रीमद्यशोविजयगणिसत्तमानां

# गुणस्तुत्यष्टकम्*

( वैतालीयं–छन्दः ) कर्ता–मुनि हेमचन्द्रविजयः ॥

यशसा खलु विश्रुतात्मने,
जिनधर्मैकनिबद्धचेतसे ।
विजयाय यशोऽभिधायते
सदुपाध्यायवराय नौम्यहम् ॥१॥

જેમનો આત્મા કીર્તિથી વિશ્રુત-વિખ્યાત છે, જેમનું ચિત્ત જિનેશ્વરદેવે પ્રતિપાદન કરેલ ધર્મમાં રક્ત છે, એવા મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** ગણિને હું નમું છું. ૧

जितवादिगजेन्द्रसंहतिं,
परितः प्रौढविभाविभासितम् ।
जगदेकविपश्चितं न को,
भुवि जानाति सुतर्कपण्डितम् ॥२॥

જેમણે વાદીરૂપી મદોન્મત્ત હાથીઓના સમૂહને જીત્યો છે, વળી જે ચારે બાજુ પ્રૌઢ પ્રભાથી પ્રકાશમાન છે એવા જગતમાં અનુપમ વિદ્વાન તર્કશાસ્ત્રના પંડિતને જગમાં કોણ નથી જાણતું ? ૨

मुनिना निजजन्मनाऽमुना,
महनीयेन ‘ कनोडु ’नामकम् ।
पुरमत्यधिकं पवित्रितं,
कुरुते किन्नहि सत्समागमः ॥३॥

પૂજનીય એવા આ મુનિએ પોતાના જન્મથી ‘ કનોડુ ’ નામના ગામને ઘણું જ પવિત્ર બનાવ્યું. સત્પુરુષોનો સમાગમ શું નથી કરી શકતો ? ૩

स्पृहणीयगुणं नयाभिधं
विजयान्तं गुरुमाश्रितः सुधीः ॥
तदुपासनया प्रपेदिवान्,
विमलज्ञानविभासिसत्क्रियाम् ॥४॥

જેમના ગુણો સ્પૃહા–ઈચ્છા કરવા યોગ્ય છે એવા **શ્રીનયવિજયજી** મહારાજને ગુરુ તરીકે આશ્રયીને સુન્દર બુદ્ધિવાળા **શ્રી યશોવિજયજી** ગણિએ તેઓની સેવાવડે સમ્યગ્જ્ઞાનથી શોભાયમાન સમ્યક્ક્રિયાને પ્રાપ્ત કરી. ૪

नगरीं श्रुतसिद्धिसाधिका–
मथ काशीमधिगत्य मञ्जुलाम् ।
चिरमेकमनाः सरस्वती–
मुपतस्थे तमसो निवृत्तये ॥५॥

ત્યારબાદ તેમને શ્રુતદેવતાની સિદ્ધિને કરનાર મનોહર કાશીનગરીમાં જઈને એકાગ્રચિત્તે તમોગુણના નિવારણ માટે ચિરકાલપર્યન્ત સરસ્વતીદેવીની ઉપાસના કરી. ૫

समशास्त्रविमर्शकोविदः
सदनेकान्तमताब्धिपारगः ।
हितकारिवरोपदेशकः,
किमु धन्यो न मुनीश्वरोऽवनौ ? ॥६॥

સકલ શાસ્ત્રોના વિચારમાં નિપુણ, ઉત્તમ અનેકાન્ત દર્શનરૂપી સમુદ્રનો પાર પામનાર અને હિતકારક શ્રેષ્ઠ ઉપદેશ આપનાર એવા મુનિવર શું પૃથ્વી ઉપર ધન્ય નથી ? છે જ. ૬

रचिता विविधा गुणोज्ज्वलाः
कृतयस्तर्कवितर्कमण्डिताः ।
विदुषा महता सुदुर्गहाः
विबुधा याभिरहो चमत्कृताः ॥७॥

મહાવિદ્વાન્ મુનિવરે તર્કવિતર્ક( ઊહાપોહ )ની વિચારણાથી વિભૂષિત ગુણોથી ઉજ્જવલ અનેક કૃતિઓ મહાપંડિતોને પણ દુર્બોધ એવી રચી છે કે જે કૃતિઓથી પંડિતો આશ્ચર્યયુક્ત બને છે. ૭

* આ અષ્ટક શ્રીયશોવિજયજી સ્મારક ગ્રન્થમાં પ્રકાશિત થયું છે, તે જ અત્રે અર્થ સહિત આપવામાં આવ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिनदर्शनतत्त्वदीपकः
प्रशमादीद्धगुणौघसंवृतः ।
भविकव्रजबोधदायको,
गणिराजो नितरां विराजताम् ॥८॥

इति पाठकपुङ्गवो मया,
महितस्तद्गुणपुष्पमालया ।
गुरुदेवपदाम्बुजालिना,
कलधौतान्वितसोमसाधुना ॥९॥

જિનદર્શન( સ્યાદ્વાદદર્શન )ના તત્ત્વને પ્રકાશવામાં દીવા સમાન, પ્રશમ સંવેગ વિગેરે ઉજ્જવલ ગુણોના સમુદાયથી ભરેલા અને ભવિકોના સમૂહને બોધ આપનાર ઉપાધ્યાયજી શ્રીમાન્ **યશોવિજયજી** ગણિવર નિરન્તર વિરાજમાન થાવ. ૮

આ પ્રમાણે ગુરુવર્ય પંન્યાસપ્રવર **શ્રી દેવવિજયજી** ગણિના ( અથવા ગુરુદેવોના ) ચરણકમલમાં ભ્રમર સમાન એવા મેં **'હેમચન્દ્રવિજયે'** વાચકવર્ય **શ્રીયશોવિજયજી** ગણિવરની તેઓના ગુણોરૂપી ફૂલોની માળાવડે પૂજા કરી—સ્તુતિ કરી. ૯

●

# પ્રથમ "નમો અરિહંતાણં" પદનું સ્તવન

( રાગ—એક દિન પુંડરિક ગણધરુ રે લાલ... )

ચોત્રીસ અતશયે શોભતા રે લાલ, વંદું અરિહંત શુભ ભાવે રે;
અતીત અનાગત કાળના રે લાલ, અનંત અનંત જિણંદ જયકારી રે.
વિચરે વીસ વર્તમાનમાં રે લાલ, મહાવિદેહ વિચરંત જયકારી રે. ચો૦ ૧

માર્ગદેશક ભવવનમાં રે લાલ, ભવોદધિ નિર્યામક જયકારી રે;
ભવવનમાં રક્ષા કરે રે લાલ, તેને મહાગોપ પવિત્ર જયકારી રે. ચો૦ ૨

માર્ગ સરળ સાધુપણાનો લાલ, શ્રાવક માર્ગે અપાય જયકારી રે;
ધર્મકથાની ઉદ્‌ઘોષણા એ લાલ, મુક્તિપુરીમાં લઈ જાય જયકારી રે. ચો૦ ૩

અરિહંતાણં અક્ષર પાંચ છે રે લાલ, નમો સાથે સાત થાય જયકારી રે;
ધ્યાન કરે એક પદનું રે લાલ, પચાસ સાગર પાપ જાય જયકારી રે. ચો૦ ૪

ધ્યાન ધરો અરિહંતનું રે લાલ, ભવભય જેથી પલાય જયકારી રે;
પ્રેમ જંબૂસૂરીશને રે લાલ, નિત્યાનંદ પદ કલાય જયકારી રે. ચો૦ ૫

卐

## થોય

છત્ર ત્રય સોહે, અશોકવૃક્ષ રસાળ,
દેવદુન્દુભી ચામર, પુષ્પવૃષ્ટિ વિશાળ;
ભામંડળ ઝળકે, દિવ્યધ્વનિ સુખકાજ,
સિંહાસને બેઠા, વંદો શ્રી જિનરાજ.

મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી

●

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂનિતધામ

# શ્રી સમેતશિખરજીમાં પાંચ દિવસ

શ્રી દીપચંદ જીવણલાલ શાહ

તીર્થંકર પરમાત્માઓના આ વિરહકાળમાં તેઓના કલ્યાણકોથી પાવન થયેલ તીર્થભૂમિઓ ભવ્યાત્માઓને તારનારા પૂનિત સ્થળો છે.

આપણા પૂર્વજો નૈસર્ગિકતાના પૂર્ણપ્રેમી હતા અને તેથી એકાંત રમણીય સ્થાનોને વિશેષ પસંદગી પ્રાપ્ત થતી અને તેને પરિણામે આપણા તીર્થધામો સૃષ્ટિસૌંદર્ય અને કળાના મહાન્ ભંડારો છે, આત્મ-કલ્યાણના જીવંત સ્મારકો છે તેથી આ પવિત્ર ભૂમિમાં યાત્રિકોના આત્મામાં દિવ્ય પ્રકાશ પ્રગટે છે તેમજ આત્મદર્શનની ઝાંખી થાય છે અને કંઈક "નવું" ભાતું મેળવીને આત્મા તેજસ્વી બને છે.

આપણા તીર્થધામો જૈન શાસનની પ્રાચીન જાહોજલાલી, ભવ્ય ભૂતકાળ અને જ્વલંત ઈતિહાસના અનુપમ સાક્ષી છે. એટલું જ નહિ પરન્તુ જૈનધર્મ, જૈનસંસ્કૃતિ અને જૈનશાસનને ટકાવી રાખવામાં જૈનતીર્થોનો અમૂલ્ય ફાળો છે.

પૂર્વના તીર્થોમાં સમેતશિખરનું માહાત્મ્ય અધિક છે. તેનું વર્ણન અનેક ગ્રંથોમાં મળે છે, માટે જૈન ધર્મ પાળનારાઓએ પોતાના જીવન દરમ્યાન એક વખત શ્રી સમેતશિખરની યાત્રા કરવી જરૂરી છે. છેલ્લી ચોવીશીમાં થઈ ગયેલ ચોવીશ તીર્થંકરો પૈકી વીશ તીર્થંકરો શ્રી સમેતશિખર પર મોક્ષપદને પામ્યા છે, તેથી સમેતશિખર મહાન તીર્થ મનાય છે. શિખરજીની પારસનાથ હીલ લગભગ ૪૫૦૦ ફીટ ઊંચી છે.

હું વિ. સં. ૨૦૧૩ માં શ્રી સાબરમતી (રામનગર) જેસલમેર પાવાપુરી સમેતશિખરજી જૈન યાત્રિકસંઘ સ્પેશ્યલ ટ્રેનમાં સમેતશિખરજી ગયો હતો. અમારી ટ્રેન ગીરડી લગભગ એક વાગે પહોંચી હતી. સાંજનું જમણ લઈ બસમાં સમેતશિખરજીની તળેટી કે જે મધુવન તરીકે ઓળખાય છે ત્યાં જવા માટે રાત્રે આઠ વાગે અમે ઉપડયા. ગીરડીથી મધુવન અઢાર માઈલ દૂર છે. લગભગ રાત્રે સાડા નવવાગે અમે મધુવન પહોંચ્યા. બન્ને શ્વેતાંબરી ધર્મશાળાઓ યાત્રાળુઓથી ભરચક હતી તેથી અમોને દિગંબરી ધર્મશાળામાં ઉતારો આપવામાં આવ્યો. આશરે વીશ જેટલાં બૈરાંઓ એક રૂમમાં સૂતા અને પુરુષો બહારની ઓશરીમાં સૂતાં. બબ્બે ગરમ ધાબળા કે શાલ ઓઢીને સૂતા હતા તો પણ અમોને ઠંડી લાગતી હતી તેથી અમો ગરમ બંડી, કોટ વગેરે પહેરીને જ સૂઈ ગયા. હું સવારમાં જાગ્યો, ચા નાસ્તો કરી મધુવનના વિશાળ પટાંગણમાં આવેલ બાર મંદિરોના દર્શન કરવા ગયો. વચ્ચેના મુખ્ય મંદિરમાં શ્રી પાર્શ્વ-નાથ ભગવંતની રમ્ય ને સુંદર મૂર્તિ છે. દશ વાગે સેવા-પૂજા કરવા ગયેલ અને શાંતિથી ક્રમશઃ ગભારામાં જઈને પૂજા કરી અને સ્તવન વગેરે ભાવ પૂજા કરી, સાંજે જમણ લઈ મધુવનની આસપાસ ફરવા નીકળ્યો અને લગભગ અર્ધો કલાક ફર્યો. સાંજે જંગલમાં એકલા ફરવામાં કેવો આનંદ મળે છે તેનો જાત-અનુભવ કર્યો.

શ્વેતાંબરી ધર્મશાળા પાસે **ભોમીયાજીનું** મંદિર છે. એમ મનાય છે કે ભોમીયાજીના દર્શન કરી યાત્રા શરૂ કરવામાં આવે તો શિખરજીના પહાડ પર કોઈ પણ જાતનું વિઘ્ન નડતું નથી તેથી દરેક યાત્રાળુ ભોમીયાજીના મંદિરમાં ફળ, નૈવેદ્ય, પૈસા વગેરે મૂકીને શિખરજીની અઢાર માઈલની લાંબી યાત્રા શરૂ કરે છે; કારણ કે ભોમીયાજીને શિખરજીના રક્ષક દેવ માનવામાં આવે છે.

બીજા દિવસે સવારમાં ચાર વાગે ભોમીયાજીના દર્શન કરી મેં મારી પત્ની સાથે શિખરજીની યાત્રા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂ કરી. રાત્રિ અંધારી હતી. વળી મારી બેટરી બગડી ગયેલ હતી તેથી એક કલાક સુધી અમોને ખાડા પત્થરોમાં અથડાતા ચાલવું પડયું. કોઈવાર બેટરી સાથે કોઈ યાત્રાળુ જતો હોય ત્યારે તેની સાથે થોડો રસ્તો અમે કાપતા હતા. સાડા પાંચ વાગે ત્રણ માઇલ દૂર ગંધર્વનાળા પાસે પહોંચ્યા કે જ્યાં યાત્રા કરીને પાછા ફરતા યાત્રાળુઓને ભાતું અપાય છે. તે સ્થળે થોડો આરામ લઇને અમે આગળ વધ્યા. ત્યાંથી એક માઇલ દૂર આવેલ સીતાનાળા પાસે અમે છ વાગે પહોંચ્યા. ત્યાર પછી લગભગ બે માઇલ સુધી ચડાવ આવે છે તેથી પગથિયાવાળા રસ્તા પર ચાલીને અમે પહેલી દેરી જે **ગૌતમસ્વામીની** દેરી તરીકે ઓળખાય છે ત્યાં સાત વાગે પહોંચ્યા. સૂર્યોદય થયો હતો, વાતાવરણ શાંતિથી ભરપૂર હતું, શીતળ મધુર પવન ધીમે ધીમે તાજગી અર્પી રહ્યો હતો, સામેની અને આસપાસની ટેકરીઓ લીલાછમ ઘાસથી છવાયેલ હતી તેથી પર્વત પરની સૃષ્ટિ બહુ જ સુંદર લાગતી હતી. નીચેની ખીણમાં જલમંદિર દેખાતું હતું. અમોએ શ્રી ચંદ્રપ્રભુસ્વામીની દેરી સિવાય લગભગ ચૌદ દેરીઓમાંના પગલાંના દર્શન કરી ખીણમાં આવેલ જલમંદિરે દશ વાગે પહોંચ્યા. જલમંદિરમાં શ્યામળા પાર્શ્વનાથના દર્શન કરી પાસેની ધર્મશાળામાં ચા–નાસ્તો લીધો. ત્યાર પછી શ્રી પાર્શ્વનાથ મહારાજની સેવા–પૂજા કરી સાડા અગ્યાર વાગે ત્યાંથી નીકળ્યા અને પારસનાથ હીલ પર સાડાબાર વાગે પહોંચ્યા. ત્યાં પગલાંના દર્શન કરી દોઢ વાગે નીચે ઉતરવાનું શરૂ કર્યું અને જે જગ્યાએ ભાતું અપાય છે ત્યાં સાડા ત્રણવાગે પહોંચ્યા. ભાતું ખાઈ અમે સાડાપાંચ વાગે મધુવન પાછા આવ્યા.

દેરીઓનો ક્રમ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ગૌતમસ્વામી | (૨) કુંથુનાથજી |
| (૩) નમિનાથ | (૪) અરનાથ |
| (૫) મલ્લિનાથ | (૬) શ્રેયાંસનાથ |
| (૭) સુવિધિનાથ | (૮) પદ્મપ્રભુ |
| (૯) મુનિસુવ્રતસ્વામી | (૧૦) ચંદ્રપ્રભુ |
| (૧૧) આદિનાથ | (૧૨) શીતળનાથ |
| (૧૩) અનંતનાથ | (૧૪) સંભવનાથ |
| (૧૫) વાસુપૂજ્યસ્વામી | (૧૬) અભિનંદનસ્વામી |
| (૧૭) ધર્મનાથ | (૧૮) સુમતિનાથ |

ખીણમાં આવેલ જલમંદિર

| | |
|---|---|
| (૧૯) શાંતિનાથ | (૨૦) મહાવીરસ્વામી |
| (૨૧) સુપાર્શ્વનાથ | (૨૨) વિમળનાથ |
| (૨૩) અજિતનાથ | (૨૪) નેમનાથ |

(૨૫) પાર્શ્વનાથ

મારા આ યાત્રાપ્રવાસ દરમિયાન એક વસ્તુ મને ખાસ કરીને સુધારવા જેવી લાગી. તન અને મનને પવિત્ર કરવાના આશયથી આટલે દૂર આવેલા યાત્રાળુઓ ડોળીઓ માટે પુષ્કળ ધમાલ કરે છે કારણ કે યાત્રાળુઓ ઝાઝા હોય છે અને ડોળીઓ ઓછી હોય છે. ડોળીઓની ચિઠ્ઠીઓ નંખાય છે તો પણ જે યાત્રાળુની ચિઠ્ઠી નીકળી હોય છે, તેને બદલે ડોળીમાં બીજો યાત્રાળુ બેસી જાય છે અને યાત્રા શરૂ કરે છે. કોઈ કોઇવાર યાત્રાળુ જમાદારને અને ડોળી ઉપાડનારને પોતાને લઇ જવા માટે એક બે રૂા. લાંચ તરીકે આપે છે. કેટલાક યાત્રાળુઓ ડોળીના જે ભાવ હોય છે તેના કરતાં વધારે ભાવ આપે છે. મારું માનવું છે કે શિખરજી પર હાથમાં લાકડી લઇને અને પગમાં રબરના જોડા તેમ જ હાથમાં બેટરી રાખવાથી યાત્રા સુખરૂપ થઇ શકે છે અને પરિશ્રમ ઓછો લાગે છે.

ત્રીજે દિવસે સવારમાં ચા–નાસ્તો કરીને દિગંબરી મંદિર અને તેરાપંથી મંદિર જોવા ગયો. તેમના મંદિરો સુંદર અને સ્વચ્છ છે. દિગંબરી મંદિરની દિવાલોમાં ભક્તામરસ્તોત્ર અને કલ્યાણમંદિરસ્તોત્ર આરસપહાણની તખ્તીઓમાં કોતરેલા છે, તે સ્તોત્રોના શ્લોકો વાંચવાથી અને વિચારવાથી મનને અપૂર્વ શાંતિ મળે છે.

બપોરના ત્રણ વાગે શ્વેતાંબર મંદિરમાં ગયો. ત્યારે સાબરમતી( રામનગર )ના યાત્રાળુઓ શ્રીમદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરવિજયજી મહારાજની અંતરાય કર્મની પૂજા સુંદર રીતે રાગરાગિણી સહિત ભણાવતા હતા. હું ગયો ત્યારે નીચેની પૂજા ભણાવાતી હતી:–

**ભૂલ્યો ભૂલ્યો બાજી;**
**"કાળ અનાદિ ચેતન રખડે,**
**એકે વાત ન સાજી."**

મારું મન આ શબ્દો સાંભળીને વિચારવા લાગ્યું કે આ જીવ અનાદિકાળથી સંસારમાં રખડે છે, જન્મ લે છે અને મૃત્યુ પામે છે અને ફુટબોલની માફક અહીંતહીં અથડાયા કરે છે. સંસારનાં માયા, મોહ, કુડકપટમાં પડે છે, પણ જગત, આત્મા, પાપ, પુણ્ય વગેરે પર બિલકુલ શાંત ચિત્તે વિચાર કરતો નથી.

રાત્રે સંઘ તરફથી આંગી અને ભાવના હતી તેથી રાત્રિના આઠ વાગે હું દેરાસરે દર્શન કરવા ગયો. તે સમયે શાંતમૂર્તિના દર્શન કરતી વખતે શ્રીમદ્ આનંદઘનજીએ શ્રી વિમળનાથ સ્તવનમાં જણાવેલ નીચેની કડી યાદ આવી.

**અમીય ભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતી રે, નિરખિત તૃપ્તિ ન હોય.**
**વિમલજિન, દીઠા લોયણ આજ.**

મુખ્યમંદિરમાં શ્રી પારસનાથ ભગવાનની સુંદર મૂર્તિને રમ્ય આંગી કરેલ હતી, રોશની પણ સારી રીતે કરેલ હતી તેથી જાણે એમ જ લાગતું હતું કે લાંબા સમય સુધી મૂર્તિને જોઈએ તોપણ જાણે મૂર્તિને જોઇ જ નથી, મન પણ આંખોને અનિમિષ રીતે મૂર્તિને જોયા કરવા માટે પ્રેરણા કરતું હતું.

મારું માનવું છે કે યાત્રાળુઓ આરતિનું સારા પ્રમાણમાં ઘી બોલે તે માટે ભાવના મંદિરમાં રાખવામાં આવે છે કારણ કે ભાવનામાં રસ જામવાની શરૂઆત થાય છે તે વખતે "પહેલી આરતીનું ઘી" બહુ જ ઊંચા સ્વરે બોલાય છે તેથી ભાવનાની જે અસર યાત્રાળુઓ પર પડવી જોઇએ તે અસર પડતી નથી. વળી ભાવનામાં જે પદો, સ્તવનો વગેરે બોલાય છે તે બોલનાર સારા ગવૈયાઓ હોતા નથી કારણ કે તેઓ સવારે ગોઠીનું કામ કરે છે. જે દિવસોએ યાત્રાળુઓ ઝાઝા હોય તે દિવસોએ પાસેના શહેરમાંથી સારા ગવૈયાઓને બોલાવવા અને તેમની પાસે સુંદર પદો, સ્તવનો વગેરે ગવરાવવા કે જેથી યાત્રાળુઓ પર તે પદો વગેરેની સુંદર અસર થાય. ભાવના પછી ધૂનનો પ્રોગ્રામ રાખવો જોઇએ કે જેથી પંદર મિનીટ સુધી ધૂનનું પદ જે યાત્રાળુઓ ભેગા થયા હોય તેમની પાસે ગવરાવવું કે જેથી યાત્રાળુઓના મન પ્રફુલ્લિત બને અને રાત્રે સ્વપ્નામાં પણ ધૂનનો કર્ણપ્રિય અવાજ કાનના પટ પર અથડાયા કરતો હોય તેવો તેમને અનુભવ થાય. આરતિ ભાવનાની શરૂઆતમાં જ ઉતારવી યોગ્ય છે, એમ હું માનું છું.

ચોથે દિવસે હું શ્રી ચંદ્રપ્રભુની ટુંકે ગયેલ નહીં હોવાથી ફરી વાર શિખરજીની યાત્રા કરવા નિમિત્તે સવારે પાંચ વાગે નીકળ્યો પહેલી દેરી પાસે પહોંચ્યો ત્યારે સાડાસાત વાગ્યા હતા. બીજી દેરીઓમાંના પગલાંના દર્શન કરવાનો વિચાર નહિ હોવાથી હું જલમંદિર કે જે ખીણમાં આવેલ છે ત્યાં જ સીધો ગયો. દર્શન કર્યા પછી પાસેની ધર્મશાળામાં ચા નાસ્તો કરી જલમંદિરના ચોગાનમાં ઊભો રહ્યો. અને ચારે બાજુ આવેલ ટેકરીઓ પર નજર કરી ત્યારે ટેકરીઓ પરની દેરીઓનું દશ્ય રમણીય અને આહ્લાદક લાગ્યું. મારો વિચાર શ્રી ચંદ્રપ્રભુજીની ટેકરી પર જવાનો હોવાથી એક ભોમિયો કરી ત્યાં જવા માટે સાડાઆઠ વાગે નીકળ્યો. આ ટેકરી બીજી બધી ટેકરીઓ કરતાં દૂર હોવાથી સાડાનવ વાગે પહોંચ્યો. તે વખતે ટેકરી પર હું એક જ યાત્રાળુ હતો. દર્શન ચૈત્યવંદન કરી આસપાસની સૃષ્ટિનું નિરીક્ષણ કર્યું અને દશ વાગે ત્યાંથી નીકળી જલમંદિરે અગ્યાર વાગે આવ્યો. જ્યારે જલમંદિર પાસેની એક ટેકરી પરની દેરીમાંના પગલાના દર્શન કરવા હું ગયો ત્યારે એક સ્ત્રીની આંખોમાં આંસુ જોયા તેથી મેં તેણીને પૂછ્યું કે બેન શું કામ રૂઓ છો ? તેણીએ કહ્યું કે ભાઈ પેલો વાંદરો મારો બટવો લઇ ગયેલ છે અને બટવામાં અગ્યાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂા. ની નોટો છે. તેણીએ કહ્યું કે પગલાં પાસે એક પૈસો પડેલ હતો તે લઇને ભંડારમાં નાંખવા ગઇ ત્યારે મારો બટવો જે જમીન પર પડ્યો હતો તેને વાંદરાએ લઈ લીધો અને નાસી ગયો. મારી સાથે એક બીજો યાત્રાળુ હતો. અમે બેનને કહ્યું કે વાંદરો બટવો લઇને દૂરના પત્થર પર બેઠેલ છે અને ત્યાં જવું મુશ્કેલ છે. વળી ત્યાં જઇએ તે વખતે વાંદરો બીજે ચાલ્યો જાય, માટે હવે અફસોસ કરવો નકામો છે. તે બેનને અમારી સલાહ વ્યાજબી લાગી અને જલમંદિરે જવા અમારી સાથે નીકળી.

જલમંદિરમાં સેવા–પૂજા કરી હું પારસનાથ હિલ કે જે જલમંદિરથી દોઢ માઇલ દૂર છે ત્યાં જવા નીકળ્યો અને છેલ્લાં એંશી પગથીયાં ચડી પારસનાથ હિલ પર પહોંચ્યો. હિલ પર મંદિર છે અને તેની અંદર દેરી છે જેમાં શ્રી પાર્શ્વનાથ મહારાજના પગલાં છે. મંદિરની અંદરની દિવાલો અને જમીન બહુ જ ઠંડા હતા કારણકે ત્યાં બપોર હોય તો પણ ઠંડો પવન વાય છે. મંદિરની આસપાસ ફરીને સૃષ્ટિનું નિરીક્ષણ કર્યું. દોઢ વાગે નીચે ઉતરવાનું શરૂ કર્યું અને સાડા પાંચવાગે મધુવન પહોંચ્યો.

પારસનાથ હિલ શિખરજીની બધી ટેકરીઓમાં ઊંચામાં ઊંચી છે અને તેની સામે દૂર ચંદ્રપ્રભુજીની ટેકરી આવેલી છે. પારસનાથ હિલ ચોમાસામાં વાદળાઓથી છવાયેલી રહે છે, તેથી તેને ત્યાંના લોકો **"મેઘાડંબર હિલ"** પણ કહે છે.

પાંચમે દિવસે અમારે અગ્યાર વાગે નીકળવાનું હોવાથી સેવા–પૂજા કરી ગીરડી જવા માટે બસમાં બેઠા. અમે ગીરડીથી રાત્રે મધુવન આવ્યા હતા તેથી અમારી બસ ઋજુવાલિકા નદી કે જ્યાં ભગવાન મહાવીરસ્વામીને કઠિન તપસ્યા કર્યા પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું ત્યાં અટકી તેથી અમે પાસેના મંદિરમાં જ્યાં ભગવાન મહાવીરસ્વામીના પગલાં છે તેમના દર્શન કરવા માટે ઉતર્યા. અમે બે વાગે ગીરડી પહોંચ્યા. ગીરડીથી મધુવનનો રસ્તો ડુંગરાળ છે તેથી બસ ઘણાં વળાંક લે છે. વળી રસ્તો ડામરનો છે તેથી બસની મુસાફરીમાં મજા આવે છે.

સામાન્ય રીતે તીર્થયાત્રા કરવાની જેટલી ભાવના યાત્રિકોના હૃદયમાં હોય છે તેટલી જિજ્ઞાસા એ તીર્થનો સામાન્ય ઇતિહાસ જાણવાની હોતી નથી. જ્યારે મેં પાવાપુરીની પેઢીમાં, રાજગૃહી પેઢીમાં અને મધુવનની પેઢીમાં મેનેજરને પૂછ્યું કે તમારી પાસે તીર્થો સંબંધી એકે પુસ્તિકા કે ફોટાનું આલ્બમ છે ત્યારે તેઓએ મને કહ્યું કે અમારી પાસે કોઇ પુસ્તિકા કે આલ્બમ નથી તેથી મને રહેજ ખેદ પણ થયો અને જણાયું કે જૈન સમાજ યાત્રા કરવા નિમિત્તે હજારો રૂા. ખર્ચે છે પણ તે સમાજ આ યાત્રાઓનું સ્મરણચિહ્ન રાખવા નિમિતે કાંઈ પણ સાધન રાખતો હોય એમ જણાતું નથી. યાત્રાળુમાં યાત્રા કરવા સાથે અભ્યાસક દૃષ્ટિ હોવી જોઇએ. તીર્થભૂમિઓમાં કાર્ય કરતી પેઢીઓને અને ખાસ કરીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મારી વિનતિ છે કે આવા તીર્થો અંગે વિદ્વાનો પાસે પુસ્તિકાઓ લખાવે અને હુશિયાર ફોટોગ્રાફર પાસે તીર્થ સંબંધી સુંદર ફોટાઓ પડાવી આલ્બમ તૈયાર કરાવે અને યોગ્ય કિંમતે તે પુસ્તિકાઓને અને આલ્બમોને વેચવા માટે પેઢીઓમાં મુકાવે કે જેથી યાત્રાળુઓમાં જે અભ્યાસક દ્રષ્ટિની ખામી છે તે અભ્યાસક દ્રષ્ટિ જાગૃત થાય.

તીર્થોની યાત્રા કરવી એટલે યાત્રાળુઓને આત્મા સંબંધી થોડું જ્ઞાન પ્રાપ્ત થાય એ મુખ્ય ધ્યેય હોવું જોઇએ, તેથી આવી સ્પેશ્યલ ટ્રેન સાથે એક બહુશ્રુત વિદ્વાન પણ હોવો જોઇએ. તેણે અમુક અમુક સ્થળે રાત્રે જૈનધર્મના અમુક અમુક સિદ્ધાંતો પર પ્રવચન કરવું જોઇએ અથવા શ્રીમદ્ આનંદઘનજીના સ્તવનો કે પદો પર વિવેચન કરવું જોઇએ જેથી યાત્રાળુઓને ધર્મ સંબંધી જ્ઞાન થાય અને નીચે જણાવેલ જે કહેવત પડી ગયેલ છે તે ખોટી પડે.

**"કાશીએ ગયા તો પણ ધોયેલ મૂળા જેવા પાછા આવ્યા"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

: (૮) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૩૫) મનુષ્યલોકમાં જે કલ્પવૃક્ષો છે તે સચિત્ત કે અચિત્ત? વનસ્પતિવિશેષ કે પૃથ્વીકાયમય? વિસ્રસા પરિણામવાલા કે દેવાધિષ્ઠિત?

ઉ૦—મનુષ્યલોકમાં જે કલ્પવૃક્ષો છે તે સચિત્ત છે, વનસ્પતિવિશેષ છે, યુગલિકોના પુન્યના સમૂહના ઉદયથી તેવા પ્રકારના પરિણામથી પરિણત હોય છે. શંકા–તેનાથી વિપરીત હોય છે એ પ્રમાણે આચારાંગ સૂત્રની ટીકામાં દેખાય છે, तथा च तत्पाठः—तत्र प्रधानाग्रं त्रिधा सचित्तमपि द्विपदादिभेदात् त्रिधैव तत्र द्विपदेषु तीर्थकरश्चतुष्पदेषु सिंहः, अपदेषु कल्पवृक्षः, अचित्तं वैडूर्यादि, मिश्रं तीर्थकर एवालंकृतः, આ પ્રમાણે આચારાંગ સૂત્રની ટીકામાં બીજા શ્રુતસ્કંધની પીઠિકામાં કહ્યું છે. તથા જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રની ટીકામાં વૃક્ષાધિકારે કહ્યું છે કે– "स्वभावतः फलपुष्पशालिनः कल्पवृक्षाः प्रोक्ताः सन्ति तथा च तत्पाठलेशः—मत्तंगया वि दुमगणा अणेगबहुविविहवीससा ॥ परिणयाए मज्जविहीए उववेया फलेहिं पुन्ना विसट्टंतीत्यादि ॥ ભાવાર્થ–શ્રેષ્ઠ વસ્તુ ત્રણ પ્રકારે હોય છે: સચિત્ત, અચિત્ત અને મિશ્ર. સચિત્ત પણ ત્રણ પ્રકારે છે. દ્વિપદ–ચતુષ્પદ–અપદ. દ્વિપદોમાં તીર્થંકર શ્રેષ્ઠ છે, ચતુષ્પદમાં સિંહ, અપદમાં કલ્પવૃક્ષ ઉત્તમ છે, અચિત્તમાં વૈડૂર્યમણિ આદિ, મિશ્રમાં અલંકૃત તીર્થંકર જાણવા. આ પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં છે. જંબૂદ્વીપપન્નતિ સૂત્રની ટીકામાં–સ્વભાવથી ફલફૂલથી શોભતા કલ્પવૃક્ષો કહેલા છે, મત્તંગજાદિ કલ્પવૃક્ષોનો સમૂહ અનેક પ્રકારના વિસ્રસા પરિણામવાલા તે કલ્પવૃક્ષોના ફલો પરિપાક અવસ્થાને પામેલા મદ્યવિધિવડે પૂર્ણ ફુટી ફુટીને તે મદ્યવિધિને મૂકે છે એટલે મદ્યને ઝરે છે. યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં પણ કહ્યું છે કે–ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષ વિગેરે ઇચ્છિત ફલ આપે છે, તે વનસ્પતિ અને પત્થરરૂપે પણ હોય છે, જંબૂ, ધાતકી, શાલ્મલી આદિ તથા કુરુવૃક્ષો રત્નાદિ પૃથ્વીકાયરૂપે જાણવા. કલ્પવૃક્ષો વનસ્પતિમય અને વિસ્રસા પરિણામવાલા જાણવા; દેવાધિષ્ઠિત નહિ ॥ ૩૫ ॥

પ્ર૦—(૩૬) કુકડા અને મયૂરના મસ્તક ઉપર રહેલી શિખા સચિત્ત, અચિત્ત કે મિશ્ર?

ઉ૦—કુકડાની શિખા સચિત્ત અને મયૂરની શિખા મિશ્ર જાણવી. શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધની પીઠિકામાં–तत्र चूडाया निक्षेपो नामादि षड्विधः नामस्थापने क्षुण्णे, द्रव्यचूडाव्यतिरिक्ता सचित्ता कुक्कुटस्य, अचित्ता मुकुटस्य चूडामणिर्मिश्रा मयूरस्य, क्षेत्रचूडा लोकनिष्कुटरूपा कालचूडाऽधिकमासस्वभावा ॥ ભાવાર્થ–શિખાના નામાદિ નિક્ષેપા છ પ્રકારે છે, નામ અને સ્થાપના નિક્ષેપો સરલ છે, દ્રવ્યચૂડાવ્યતિરિક્તમાં કુકડાની શિખા સચિત્ત છે, મુકુટની શિખા અચિત્ત અને મયૂરની શિખા મિશ્ર હોય છે, ક્ષેત્રશિખા લોકના નિષ્કૂટરૂપ છે, કાલશિખા અધિક માસરૂપ જાણવી ॥ ૩૬ ॥

પ્ર૦—(૩૭) અસુરકુમારાદિ દેવોના શરીરનો વર્ણ અને ચિન્હ આદિનું સ્વરૂપ તો સંગ્રહણી આદિમાં સ્પષ્ટ કહેલ છે, પરંતુ જ્યોતિષી દેવોના શરીરનો વર્ણ તથા મુકુટમાં શું ચિન્હ છે?

ઉ૦—ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ પ્રકારના જ્યોતિષીઓ છે. એમાં તારાઓ પાંચ રંગના હોય છે, બાકીના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર આ સર્વે તપાવેલ લાલ સુવર્ણના જેવા વર્ણવાલા, વિશિષ્ટ વસ્ત્ર અને અલંકારથી સુશોભિત અને મુકુટવડે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલંકૃત મસ્તકવાલા હોય છે, ફક્ત ચંદ્રોના મુકુટના અગ્રભાગને વિષે પ્રભામંડલ સ્થાનીય ચંદ્રમંડલાકાર ચિહ્ન હોય છે, એ પ્રમાણે સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓને પણ પોતપોતાના મંડલના આકારનું ચિહ્ન હોય છે. **तथा च तत्त्वार्थभाष्यम्-मुकुटेषु शिरोमुकुटोपगूहिभिः प्रभामण्डलकल्पैरुज्ज्वलैः यथा स्वचिह्नैः विराजमाना द्युतिमन्तो ज्योतिष्काः भवन्तीति ।** **ભાવાર્થ**:—જ્યોતિષી દેવોના મુકુટને વિષે મુકુટના અગ્રભાગને વિષે વર્તતા, ઉજ્જવલ પ્રભામંડલ તુલ્ય યથાયોગ્ય પોતાના ચિન્હોવડે વિરાજમાન, કાન્તિવાલા જ્યોતિષીયો હોય છે. શિરોમુકુટોપગૂહિભિઃ એ પદનો સંગ્રહની ટીકામાં મુકુટાગ્રભાગવર્ત્તિભિઃ એવો અર્થ કર્યો છે. જીવાભિગમની ટીકામાં **चंद्रस्य मुकुटे चंद्रमण्डलं लाञ्छनं स्वनामांकप्रकटितं एवं सूर्यादेरपि** ॥ ૩૭ ॥

**પ્ર૦**—(૩૮) "**जोयणिगसट्ठिभागा इत्यादि** સંગ્રહણીની ગાથામાં તારાના વિમાનોની અર્ધકોશની લંબાઇ અને પહોળાઈ કહેલ છે. અને કોશના ચોથા ભાગની ઊંચાઇ કહેલ છે, તો એનાથી ન્યૂન પ્રમાણવાળું તારાનું વિમાન હોય કે નહિ?

**ઉ૦**—અહિં આ તારાઓના વિમાનોની લંબાઇ-પહોળાઇ અને ઊંચાઇનું પ્રમાણ કહ્યું છે તે ઉત્કૃષ્ટ સ્થિતિવાલાને આશ્રયી જાણવું. જઘન્ય સ્થિતિવાલાને તો લંબાઈ પહોળાઇનું પ્રમાણ ૫૦૦ ધનુષનું અને ઊંચાઇ ૨૫૦ ધનુષની કહેલ છે, **तथा चोक्तं-तत्त्वार्थभाष्ये-सर्वोत्कृष्टायास्तारायाः अर्द्धकोशः, जघन्यायाः पंचधनुःशतानि विष्कंभार्द्धबाहल्याश्च भवन्ति ।** **ભાવાર્થ**—સર્વોત્કૃષ્ટ સ્થિતિવાલા તારાઓને તેમના વિમાનની લંબાઈ પહોળાઈ અર્ધકોશની, અને જઘન્યસ્થિતિવાલાને તેમના વિમાનની લંબાઈપહોળાઇ ૫૦૦ ધનુષની અને ઊંચાઈ તો બન્નેની પહોળાઇથી અડધી જાણવી ॥ ૩૮ ॥

**પ્ર૦**—(૩૯) મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રાદિ જ્યોતિષી દેવોના વિમાનોનું પ્રમાણ અઢીદ્વીપમાં રહેલા ચંદ્રાદિની અપેક્ષાએ અડધું પ્રમાણ કહેલ છે, પરંતુ તેમના આયુષ્યનું પ્રમાણ કેટલું!

**ઉ૦**—અઢીદ્વીપની બહાર રહેલા ચંદ્રસૂર્યાદિ જ્યોતિષી દેવોના આયુષ્યનું પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં રહેલા ચંદ્ર સૂર્યાદિના જેટલું જ છે; જરાએ ન્યૂન નથી. સંગ્રહણીની ટીકામાં પાંચમી ગાથાની વ્યાખ્યામાં કહ્યું છે કે-**अशेषासंख्येयद्वीपसमुद्रवर्त्तिचंद्रविमानदेवानाम् वर्षाणां लक्षेणाधिकं पल्योपमम् उत्कृष्टमायुः** **ભાવાર્થ**—સમગ્ર અસંખ્યાત દ્વીપસમુદ્રમાં રહેલ ચંદ્રવિમાન દેવોનું ઉત્કૃષ્ટ આયુષ એક લાખ વર્ષ અધિક એવા એક પલ્યોપમનું જાણવું ॥ ૩૯ ॥

**પ્ર૦**—(૪૦) જંબૂદ્વીપ અને લવણ સમુદ્રમાં રહેલા ચંદ્ર, સૂર્યાદિ જ્યોતિષીઓ જેવી રીતે જંબૂદ્વીપના મેરુપર્વતને પ્રદક્ષિણા કરતા ફરે છે તેવી રીતે ધાતકીખંડાદિ દ્વીપ સમુદ્રમાં વર્તતા ચંદ્રાદિ જ્યોતિષીઓ તે જ જંબૂદ્વીપના મેરુને પ્રદક્ષિણા કરતા ફરે છે કે પોતપોતાના દ્વીપના મેરુને પ્રદક્ષિણા કરતા ફરે?

**ઉ૦**—મનુષ્ય ક્ષેત્રમાં રહેલ બધાએ ચંદ્ર, સૂર્યાદિ જ્યોતિષીઓ જંબૂદ્વીપના મેરુપર્વતને જ પ્રદક્ષિણા કરતા ફરે છે. પોતપોતાના દ્વીપના મેરુને નહિ. ॥૪૦॥

(ચાલુ)

નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મનિરીક્ષણ

શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર '

આપણી દષ્ટિ બહિર્મુખી હોય છે. અંતર્મુખી હોતી નથી. આપણે બહારની બધી વસ્તુઓ અને ઘટનાઓનું નિરીક્ષણ કરીએ છીએ. આપણને આસપાસની વસ્તુઓ જણાય છે તેમ માનવો પણ જણાય છે. નિકટ સહવાસને લીધે આપણે તેમનામાં રહેલા દોષો જોઈ શકીએ છીએ અને દોષ નજરે પડવાને લીધે આપણા અંતરંગમાં તેવા દોષો અંકિત થઈ જાય છે. અને આમ બીજાઓના દોષો જોવાની ટેવને લીધે આપણે કાગડાની પેઠે વર્ણિત અંગની જ શોધ કરી તેમાં ચાંચ બોળવાની વૃત્તિ ધારણ કરી દોષૈકદષ્ટિને જ અગ્રસ્થાન આપી તેને જ પોષણ આપતા રહીએ છીએ. અને એ રીતે બીજાના દોષો જોવાનો આપણો સ્વભાવવિશેષ બની જાય છે.

વિદ્યાર્થી ભૂગોળમાં યુરોપ, આફ્રીકા અને અમેરિકા જેવા દૂર દેશોમાં રહેલા પર્વતો, નદીઓ, શહેરોની સારી માહિતી ધરાવે છે. પણ પોતાના જીલ્લાની, તાલુકાની કે ગામની માહિતી એ પૂરેપૂરી ધરાવતો નથી. મોગલો, રજપૂતો અગર મરાઠાઓનો ઇતિહાસ તે જાણે છે, પણ પોતાના ધર્માચાર્યોનો, પોતાના પરાક્રમી પૂર્વપુરુષોનો ઇતિહાસ એ જાણવા પ્રયત્ન કરતો નથી. એટલું જ નહીં પણ પોતાની જ કુલપરંપરા અને પોતાના જ વડવાઓના નામો પણ એ જાણવા પ્રયત્ન કરતો નથી.

સૂર્ય, ચંદ્ર અને ગ્રહ, નક્ષત્રોનો અભ્યાસ કરી પૃથ્વીની દૈનિક અને વાર્ષિક ગતિનો અભ્યાસ કરી ગ્રહણોનું ભવિષ્ય જાણવાનો એ અભ્યાસ કરે છે અને સૂર્યબિંબ ઉપર થતા સ્ફોટોનો એ અભ્યાસ કરે છે, પણ પોતાની જ આસપાસ કેવી ઘટનાઓ થઈ રહી છે અને તેનું પરિણામ પોતા ઉપર શું થાય છે તેનો અભ્યાસ કરવાની તે ફીકર રાખતો નથી.

અનંત એવા આકાશમાં માનવ દૃષ્ટિક્ષેપ કરે છે. હજારો માઇલ ઉપર રહેલ સમુદ્ર અને પર્વતો, મહાનદીઓ અને પર્વતો ઉપર થતી ઘટનાઓ જાણવા તે મથે છે અને જગતના સંઘર્ષો અને યુદ્ધોનો અભ્યાસ એને કરવાની જરૂર જણાય છે, પણ પોતાના અંતરંગમાં શું ઉથલપાથલ થઇ રહેલ છે અને કયે માર્ગે પોતાની પ્રવૃત્તિ ગતિમાન થઇ રહેલી છે તેની તપાસ કરવાની તેની ઇચ્છા જ જાગતી નથી. પોતે જે રીતે ગતિ ચલાવી રહેલ છે તે જ સર્વથા યોગ્ય છે અને એમાં ભૂલ જેવું કાંઈ છે જ નહીં એવું એને લાગ્યા કરે છે.

ભલભલા રાજકારણી પુરુષોના કાર્યમાં એને ભૂલો જણાય છે. જગતના નેતાઓની ભૂલો શોધવામાં એને આનંદ આવે છે. મોટા વિચારકો અને તત્વચિંતકોને પણ કાંઇ જ્ઞાન નથી એમ એ કહે છે અને ગ્રંથકારોની પણ ભૂલો એને જોવામાં આવે છે, પણ પોતે શું કરે છે? શેમાં આનંદ માને છે? શું ખાએપીએ છે? પોતામાં કેવા કેવા દોષો ભરેલા છે? કેવા કેવા અનિચ્છનીય કૃત્યો કરવામાં એને આનંદ આવે છે? એની તપાસ કરી એ સુધારવાની એને જરા જેટલી પણ જરૂર જણાતી નથી. પોતાથી પર એવા બધાઓના દોષો એને જણાતા હોય છે, પણ પોતાના દોષો જોવાને એને ફુરસદ હોતી નથી. અન્ય લોકો જે ક્રિયાઓ કરે છે તે દોષસહિત કરે છે. એમને શુદ્ધ ક્રિયા કરતાં આવડે એમ એને જણાતું જ નથી, પણ પોતે ફક્ત વાતો કરી નિષ્ક્રિય બેસી રહે છે એ વસ્તુની એને જરાએ ફિકર નથી.

એ બધી પરિસ્થિતિનું કાંઇ કારણ હોય તો તે ફક્ત બાહ્ય દૃષ્ટિનું જ પરિણામ છે. આપણને ચર્મચક્ષુથી ફક્ત સામે જોવાની ટેવ પડી ગએલી છે, તેને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધે આપણે અન્યને જ જોઇ શકીએ છીએ, તેથી જ આપણે બીજાના જ ગુણદોષો જોયા કરીએ છીએ. સિંહની દૃષ્ટિ પાછળ જ જોવાની ઘણે ભાગે હોય છે તેમ આપણે પણ આપણે શું કરી ગયા અને એનું પરિણામ શું આવ્યું એ જોતાં શીખીએ તો આપણા હાથે થતી અનેક ભૂલો થાય જ નહીં અગર થઇ જાય તો તે સુધારવાનો આપણે પ્રયત્ન કરવા પ્રેરાઇએ પણ આપણે એવી અંતર્મુખ દૃષ્ટિ કેળવી જ નથી. અને તેને લીધે આપણે આપણા દોષો જોઇ જ શકતા નથી અને દોષો જણાય જ નહીં ત્યારે તેને સુધારવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો? આપણે પ્રતિક્રમણ કરીએ છીએ. એ બધું મોઢે બોલી જવા જેટલું જ જો રહે તો તેની ફલશ્રુતિ શું? અઢારે પાપસ્થાનકોના ફક્ત નામોચ્ચાર કરવા માત્રથી જ જો આપણે તેના સેવન કરવાના પાપથી છૂટી જતા હોઇએ તો પ્રતિક્રમણ કરનારાઓ તો શું પણ પ્રેસમાં એ અક્ષરો જોડનારા અને પ્રૂફ વાંચનારા પણ તરત જ નિર્દોષ થઇ જાય. પણ એમ થઇ જાય એવું આપણે માનતા નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, આપણે જે દૃષ્ટિથી જોવું જોઇએ તેવી દૃષ્ટિ જ આપણે કેળવી નથી. એવી અંતર્મુખ દૃષ્ટિ કેળવી તે દૃષ્ટિથી જોતાં શીખી પોતાના આત્માનું નિરીક્ષણ કરતા શીખવાની ઘણી જરૂર છે. એક વખત એવી દૃષ્ટિ જો આપણને મળી જાય તો આપણી બધી જ ક્રિયા સાર્થ થવા માંડે અને છેવટ તે અમૃત ક્રિયામાં પરિણમે, પણ એમ જ્યાં સુધી થતું નથી અને આપણી મનઃચક્ષુ ખુલતી નથી ત્યાં સુધી આત્મનિરીક્ષણ આપણા માટે અશક્ય જ છે, માટે જ એ સ્પષ્ટ જણાય છે કે, ફક્ત આપણી બાહ્ય શરીરની ચક્ષુ કેવળ અપૂર્ણ જ છે. સાચું નિરીક્ષણ તો અંતઃચક્ષુથી જ પૂર્ણ થાય છે.

જ્યારે આમ જ છે તો પછી માનવ અંતશ્ચક્ષુ ખોલી આત્મનિરીક્ષણ કેમ કરતા નથી? એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. એનું મુખ્ય કારણ એમ જણાય છે કે, બાહ્ય ચક્ષુથી જોવું સુલભ છે. એને માટે ખાસ કાંઈ પ્રયત્ન કરવાની જરૂર હોતી નથી અને બીજાના દોષ જોવાથી પોતાને આનંદ થાય છે અને તેવા દોષોનું વર્ણન કરી અન્ય લોકોની સામે પોતાની બડાઈ હાંકવામાં એને આનંદ આવે છે. બીજાઓના દોષોનું વર્ણન કરતા આપણે એક જાતનો પાશવી આનંદ અનુભવીએ છીએ, તેથી જ વારંવાર એવા દોષો જોઇ તેનું વર્ણન કરવામાં આપણું સમાધાન થાય છે અને એવા આનંદમાં પોતા માટે વિચાર કરવાની આપણને ફુરસદ જ મળતી નથી. એકાદ વખત કોઇના ઉપદેશથી અગર બીજી કોઇ ઘટના થઈ જવાથી આત્મનિરીક્ષણ કરવાનું મન થઇ જાય છે ત્યારે પોતામાં રહેલા દોષોનું ભૂત આગળ આવી ઊભું રહે છે અને એની ભીતિ સામે તરી આવે છે. તેમજ એવું નિરીક્ષણ ટાળવા માટે આપણે પ્રયત્ન પણ કરીએ છીએ. તે ટાળવા માટે બીજા કોઇ નિમિત્તો અગર કાર્યો આગળ કરીએ છીએ. મતલબ કે, આત્મનિરીક્ષણ કરવા આપણા માટે કટુતા જ જણાવાની છે એમ ધાસ્તી આપણને લાગે છે, માટે જ આપણે આપણને પોતાને જ નિરખવાની ના પાડીએ છીએ. બીજું બધું જોવાય છે પણ આપણે પોતાને જોવાનું ટાળવાને પ્રયત્નશીલ રહીએ છીએ.

બીજી વસ્તુ એ પણ છે કે, પોતાનું જ નિરીક્ષણ કરવું હોય ત્યારે એકાંત શોધવું પડે, બાહ્ય આંખ બંધ કરવી પડે. બધા જગતને ભૂલી જવું પડે અને આપણામાં રહેલા દોષો જોવા પડે. આપણી કાળી બાજુ આપણી સામે ઊભી કરવી પડે. આપણા હાથે કેવા દોષો અને પાપો થઇ ગયા એ જોવા પડે. અને એનાં કડવાં ફળો આપણી સામે ઊભા થઇ જાય. અને એ ફળો કાળાંતરે ભોગવવાના હોય છતાં આપણી સામે અત્યારે જ ક્રૂર દેખાવો ઊભા કરે. અને આપણે નિરાશા અને દુઃખ અનુભવીએ. એ પરિસ્થિતિ આપણને જરાએ ગમતી નથી અને તેથી જ આપણે આત્મનિરીક્ષણથી દૂર દોડી જવા માગીએ છીએ.

દૈવયોગે આપણે એકાંત મેળવી બાહ્યદૃષ્ટિ બંધ કરી અંતર્મુખ થઇ પોતાનું જ નિરીક્ષણ કરવા બેસીએ ત્યારે આપણી કાળી બાજુ સામે આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊભી રહે, આપણા હાથે જાણતા કે અજાણતા જે જે અકૃત્યો થયા હોય તે રૌદ્ર રૂપ ધારણ કરી આપણી સામે ખડા થાય. અને સામા જવાબ માંગે કે, બોલ એ માટે કોણ જવાબદાર છે? એ પાપ ધોવા માટે શું પ્રાયશ્ચિત કરવા તારી તૈયારી છે? કયો દંડ તું સહન કરવા તૈયાર છે? તું સમજતો હોઈશ કે, બીજા કોઈ એ પાપને જાણતા નથી. પણ એ જાણનારમાં તારો પોતાનો જ સમાવેશ થએલો છે. તેમાંથી છટકવા માટે કોઈપણ માર્ગ તારી સામે ખુલ્લો રહ્યો નથી. કર્મરાજાએ તારા આત્માની સાથે તેની નોંધ ક્યારની કરી લીધી છે અને એનો બદલો તારે વાળવો જ પડશે. આવા આવા દેખાવો નજર સામે ખડા થઈ જાય છે. તે બધું ભૂલવા માટે આપણે અનેક છટકબારીઓ શોધવા મથીએ છીએ અને એ બધું ભૂલવા માટે પોતે મોહનો દારૂ પી મનને મનાવી લેવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ આપણો એ પ્રયત્ન શું વ્યાજબી છે? અને એ પ્રયત્નમાં આપણને સફલતા મળવાની જરા જેવી પણ આશા છે શું? નહીં જ; કૃતકર્મ ભોગવ્યા વિના તેનો નિસ્તાર થવાની આશા રાખવી એ આકાશકુસુમ જેવી અશક્ય વસ્તુ છે.

એવી જ્યારે અગતિક સ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે તેમાંથી છુટકારો શી રીતે મેળવી શકાય? તે માટે પરમકૃપાળુ ઋષિ-મુનિઓએ કાંઈક માર્ગ બતાવેલો છે. તે માર્ગને આપણે અનુસરીએ તો મનને અને મનના માર્ગે આત્માને કાંઈક શાંતિ મળવાનો સંભવ છે. મુખ્યતઃ પોતાના દુષ્કૃત્યો માટે પશ્ચાત્તાપની લાગણી આપણા મનમાં જાગવી જોઈએ. પશ્ચાત્તાપથી પાપના કટુ ફળોની તીવ્રતા કાંઈક ઓછી થાય છે અને તે માટે તપ, જપ આદિ કરવાથી જો કર્મ નિકાચિત નહીં હોય તો તે નષ્ટ પણ થઈ શકે, પણ સાથે સાથે એવા દોષો ફરી ન થાય તે માટે સાવચેતી રાખવી જોઈએ. વારંવાર અપરાધ કરવાથી ગુનેગારની શિક્ષામાં વધારો થાય છે, તેમ જે કર્મનો આપણે પશ્ચાત્તાપ કર્યો હોય તે જ કર્મ ફરી ફરી આપણે કરીએ તો તેના ફળો ભોગવવામાંથી છૂટકારો શી રીતે થઈ શકે? માટે સાવધાનતાપૂર્વક કર્મની એકાંત રીતે નિર્જરા જ કરતાં રહેવું જોઈએ, મનને શાંત કરતા રહેવું જોઈએ. અને ફરી વાર આપણાથી કુકર્મ ન થઈ જાય તે માટે સાવચેત રહેવું જોઈએ.

આત્મનિરીક્ષણ કરવામાં મુખ્યતઃ એ જોવાની જરૂર રહે છે કે, આપણે પોતાની ઇંદ્રિયોના સ્વામી છીએ કે ગુલામ! આપણે ઇંદ્રિયોના સાચા સ્વામી હોઈએ તો ઇંદ્રિયો આપણી આજ્ઞામાં રહી આપણે કહીએ તેવું કરે. પણ આપણે માલિક છતાં ઇંદ્રિયો જ આપણા માલિક થઈ બેસે તો પછી આપણે માલિક મટી ગુલામ થઈ ગયા ને? પોતાના જ ઘરમાં ગુલામો માલિક થઈ આપણી ઉપર રાજ્ય ચલાવે એ કેવો ન્યાય?

માટે જ આત્મનિરીક્ષણ કરવાથી આપણી ઊણપ આપણી નજરે ચઢે છે અને તે સુધારવાની આપણને તક મળે છે. અને એવી તક ઝડપી લેવામાં આવે ત્યારે આપણો જન્મ સફલ કહેવાય છે અને આત્મોન્નતિના ક્રમારોહણમાં આપણે પ્રગતિ સાધી શકીએ છીએ. એ માર્ગ આપણા બંધુ ભગિનીને મળી જાય એવી ભાવનાથી વિરમું છું.

**પ્રભાવિક પુરુષો :: ભાગ ત્રીજો** —— લેખક : **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્‌ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાચક યશોવિજયજી ગણિની હિન્દી કૃતિઓ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ સંસ્કૃત અને પાઇયિ (પ્રાકૃત) ભાષામાં જ કૃતિઓ ન રચતાં એ બે ભાષાઓથી અનભિજ્ઞ જનોને પણ એ કૃતિઓમાંના મનનીય વિષયોનું જ્ઞાન થાય એ ઇરાદે ગુજરાતીમાં તેમજ હિન્દીમાં પણ કૃતિઓ રચી છે. અત્યાર સુધીમાં આ ગણિવર્યનું જેટલું સાહિત્ય મળી આવ્યું છે તે જોતાં જણાય છે કે એમની હિન્દી કૃતિઓ અન્ય ભાષામાં રચાયેલી કૃતિઓના હિસાબે બહુ જ ઓછી છે.

**દિક્પટ ચોરાસી બોલ પ્રત્યુક્તિ**–(૮૪ બોલ વિચાર) આ ૧૬૧ પદ્યની હિન્દી કૃતિ **ગૂર્જર સાહિત્ય સંગ્રહ**(ભા. ૧, પૃ. ૫૭૨–૫૯૭)માં પ્રકાશિત થયેલી છે ખરી, પરંતુ એ દિગંબર પંડિત હેમરાજ પાંડેએ શ્વેતાંબરોને અંગે જે વિધાનો પોતાની હિન્દી કૃતિ નામે–*सितपट चौरासी बोलमां કર્યા હતા તેના પ્રતિકારરૂપે યોજાયેલી છે. આથી એ પંડિતની કૃતિ પૂર્વપક્ષરૂપે રજૂ કરી એના ઉત્તર–પક્ષરૂપે વાચક યશોવિજય ગણિની આ કૃતિ પ્રકાશિત થવી ઘટે. તેમ થતાં શ્વેતાંબરો અને દિગંબરોની માન્યતામાં કયાં કયાં ફરક છે તે જાણી શકાશે અને બંને સંપ્રદાયો વચ્ચેનું નિરર્થક સંઘર્ષણ દૂર થશે અને બે વચ્ચે સુમેળ સાધવાનો સુયોગ સાંપડશે. આગળ વધીને કહું તો યાપનીય શાકટાયને સ્ત્રીમુક્તિ અને કેવલિભુક્તિનું પ્રતિપાદન કરનારી જે કૃતિ રચી છે અને જેનો ઉપયોગ શ્વેતાંબર ગ્રંથકારોએ પોતાના મંતવ્યની પુષ્ટિ માટે અને દિગંબર પ્રભાચન્દ્ર જેવાએ ખંડનાર્થે ઉપયોગ કર્યો છે તે કૃતિ તેમજ એવું બીજું તમામ સાહિત્ય પ્રસિદ્ધ થવું ઘટે જેથી વૈમનસ્યનાં કારણો વિચારી, ક્ષુલ્લક મતભેદોને દેશવટો દેવાય.

* આ કૃતિ કોઇ સ્થળેથી–કોઈ દિગંબરે પણ પ્રસિદ્ધ કરી હોય એમ જણાતું નથી. આ કૃતિની એક હાથપોથી અહીંના (સુરતના) સીમન્ધરસ્વામીના ભંડારમાં છે.

ઉપાધ્યાયજીની આ હિન્દી કૃતિનો હું પરિચય આપતો નથી, કેમકે નિમ્નલિખિત [1]લેખ દ્વારા મેં એ વિષે માહિતી આપી છે અને [2]યશોદોહનમાં પણ મેં એ વિષે વિસ્તૃત નોંધ લીધી છે.

"દિક્પટ ચોરાસી બોલ પ્રત્યુક્તિ (૮૪ બોલ વિચાર): રેખાદર્શન"

**જશવિલાસ**–આ ૭૫ પદોની કૃતિમાં મોટે ભાગે આધ્યાત્મિક પદો છે. **"શ્રી યશોવિજય સ્મૃતિ–ગ્રંથ"**ના અંતમાં યશોવિજયકૃત [3]"ગ્રંથોની યાદી" અપાઈ છે, એમાં (પૃ. ૧૯૫ માં) "જશવિલાસ–આધ્યાત્મિક પદો [4]પ. સં. ૨૮૨" એવો ઉલ્લેખ છે.

ઉપર્યુક્ત હિન્દી કૃતિમાંનાં પદો ગૂ. **સા. સં.** (ભા. ૧)માં સ્તવનો, આધ્યાત્મિક પદો અને ગીતો એમ ત્રણ વર્ગમાં વિભાગ કરી પૃથક્ પૃથક્ રજૂ કરાયાં છે.

ઉપર્યુક્ત **જશવિલાસ, વિનયવિલાસ** અને **જ્ઞાનવિલાસ** તેમજ **સંયમતરંગ** અને **આનંદઘનજી અષ્ટપદી** સહિત નિમ્નલિખિત નામથી એક જ પુસ્તકરૂપે **ભીમસિંહ** માણેકે એની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૦૨ માં છપાવી છે, પરંતુ સમીક્ષાત્મક પદ્ધતિએ વિશિષ્ટ ટિપ્પનાદિ સહિત એનું ફરીથી પ્રકાશન થવું જોઇએ.

"વૈરાગ્યોપદેશક વિવિધ પદસંગ્રહ"

૧ આ લેખ "જૈન સત્ય પ્રકાશ" (વર્ષ ૨૧, અં. ૧૧)માં પ્રસિદ્ધ થયેલ છે

૨ મારી આ કૃતિ અત્યારે તો અપ્રકાશિત છે.

૩ આ યાદીમાં અકારાદિ ક્રમ પૂરેપૂરો સચવાયો નથી એટલું જ નહિ પણ કેટલીક કૃતિઓ(દા. ત. આસુખમાં દર્શાવાયેલી કૃતિઓ)ની નોંધ નથી. વળી અન્યકર્તૃક સંકલનાનો યશોવિજયની કૃતિ તરીકે ઉલ્લેખ છે. આ ઉપરાંત ગ્રંથાંશોનો 'ગ્રંથ' તરીકે નિર્દેશ છે.

૪ આથી શું પદ્યસંખ્યા સમજવાની છે કે કેમ એમ એક જણે પ્રશ્ન ઉઠાવ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશોવિજય ગણિનાં અગિયાર હિન્દી આધ્યાત્મિક પદો પૈકી દશ પદો ગુજરાતી [1]વિવેચન સહિત અને એક કેવળ મૂળ તરીકે **વાચક 'જશ'ની અનુભવ-વાણી** નામની જે [2]પુસ્તિકા "શ્રી યશોવિજય સારસ્વત સત્ર સમિતિ" તરફથી ચારેક વર્ષ ઉપર પ્રકાશિત કરાઈ હતી તેમાં અપાયાં છે.

हिन्दी जैन साहित्य का संक्षिप्त इतिहास નામના હિન્દી પુસ્તકમાં **જશવિલાસ**માંથી વાનગીરૂપે થોડુંક લખાણ રજૂ થયેલું છે. **વિનયવિજય** ગણિ તેમજ અધ્યાત્મરસિક **આનંદઘન**ની પણ કોઈ કોઈ રચનાને અહીં સ્થાન અપાયું છે. આ હિન્દી પુસ્તકના લેખક શ્રી કામતાપ્રાસાદ જૈન છે અને એ પુસ્તક "ભારતીય જ્ઞાનપીઠ–કાશી"થી ઇ. સ. ૧૯૪૭માં પ્રસિદ્ધ થયું છે.

**નેમિનાથનું સ્તવન**–"કહા કિયો તુમ્હે કહો મેરે સાંઇ"થી શરૂ થતું આ હિન્દી સ્તવન ગૂ. **સા. સં.** (ભા. ૧, પૃ. ૩૧–૩૨)માં છપાયું છે. નવાઇની વાત એ છે કે યશોવિજયગણિએ જે ત્રણ ચોવીસીઓ રચી છે તેમાંની બીજી ચોવીશી જે આ સ્તવનને બાદ કરતાં ગુજરાતીમાં છે તેના એક અંગરૂપે આની ગણના કરાય છે. મને તો એમ લાગે છે કે એ ચોવીસીનું બાવીસમું સ્તવન જે ગુજરાતીમાં રચાયેલું હશે તે લુપ્ત થતાં કોઇકે આ હિન્દી સ્તવન એમાં દાખલ કરી દીધું હશે.

**હિન્દી છાંટ**-યશોવિજય ગણિની કેટલીક ગુજરાતી કૃતિઓમાં મારવાડીની પેઠે હિન્દીની છાંટ જોવાય છે.

**સમતાશતક**–આ ૧૦૫ પદ્યની દોહામાં રચાયેલી હિન્દી કૃતિ છે. એમાં સમતા અને મમતા વિષે સમજણ અપાઇ છે. અંતિમ પદ્યમાં કર્તાએ કહ્યું છે કે મુનિ હેમવિજયને માટે આ કૃતિ **સામ્ય-શતક**માંથી ઉદ્ધૃત કરાઇ છે. આને લઇને કેટલાક આ જ કૃતિને **સામ્યશતક** તરીકે ઓળખાવે છે. 'ચન્દ્ર' કુળના વિજયસિંહસૂરિએ ૧૦૬ સંસ્કૃત પદ્યોમાં **સામ્યશતક** રચ્યું છે અને એ કૃતિ "એમ. એન્ડ કંપની" તરફથી મુંબઇથી ઇ. સ. ૧૯૧૮ માં પ્રકાશિત કરાયું છે. એવી રીતે દિ. **પૂજ્યપાદે** ૧૦૫ પદ્યોમાં સંસ્કૃતમાં **સમાધિશતક** (સમાધિતન્ત્ર ) રચ્યું છે. અને એ પણ પ્રકાશિત કરાયું છે. આ બંને કૃતિઓને સામે રાખી યશોવિજય ગણિની આ પ્રસ્તુત કૃતિનું અને સાથે સાથે એમણે ગુજરાતીમાં ૧૦૫ પદ્યોમાં દોહામાં રચેલા **સમાધિશતક**નું સંતુલન થઇ શકે એ માટે આ ચાર કૃતિઓ એક જ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવી ઘટે.

**હિન્દી ગીતો–ગૂ. સા. સં.**( ભા. ૧ )માં પૃ. ૧૩૭–૧૪૫ માં **નેમ-રાજુલ**નાં છ ગીત છપાયાં છે એ પૈકી પહેલાં ચાર ગીત હિન્દીમાં છે અને તે અનુક્રમે ૪૦, ૩૩, ૨૬ અને ૧૫ એ ક્રમાંકવાળાં પદો છે. બાકીનાં બે ગીત ગુજરાતીમાં છે અને એ બેને " અપ્રકટ નવું પદ " તરીકે ઉલ્લેખ છે. ઉપર્યુક્ત ચાર હિન્દી પદો તો **જશવિલાસમાં**નાં લાગે છે. નિર્ણય કરવા માટે મારી સામે પુસ્તક નથી. પૃ. ૧૭૭ માં " અયસો દાવ મીલ્યોરી "થી શરૂ થતું જે **હોરી–ગીત** હિન્દીમાં છપાયું છે તેને ' પદ ' પણ કહ્યું છે, પરંતુ એ પદનો ક્રમાંક અપાયો નથી. એટલે એ મુદ્રિત **જશવિલાસ**માં છે કે કેમ તેનો તપાસ કરવી બાકી રહે છે.

**જિન–ગીત**–આ પાંચ કડીની હિન્દી કૃતિ ગૂ. સા. સં. ( ભા. ૧, પૃ. ૫૧૯ )માં છપાઈ છે.

**આધ્યાત્મિક ગીત**—ઉપર્યુક્ત **સ્મૃતિગ્રન્થ**-( પૃ. ૨૫૫ )માં " હમ બઇઠે અપને ગ્યાનમઇં "થી શરૂ થતું પાંચ કડીનું એક હિન્દી " આધ્યાત્મિક પદ" છપાયું છે. વિ. સં. ૧૭૪૮ માં લખાયેલી હાથપોથીમાંથી એ ઉદ્ધૃત કરાયું છે અને એમાં આ કૃતિ ‡" ગીત " હોવાનો ઉલ્લેખ છે. આ કૃતિની ચોથી

[1] આ વિવેચન શ્રી વસંતલાલ કાંતિલાલ મોરખીયાએ તૈયાર કર્યું છે.

[2] આ પુસ્તિકામાં પ્રકાશન વર્ષનો ઉલ્લેખ નથી.

‡ આની નોંધ અનુક્રમણિકા( પૃ. ૩૧ )માં " ઉપાધ્યાયજીનાં બે અપ્રસિદ્ધ ગીતો " દ્વારા લેવાઈ છે. એ ઉપરથી આ ગીત **સ્મૃતિ ગ્રંથમાં** જ પહેલવહેલું પ્રકાશિત થયાનું ફલિત થાય છે. પૃ. ૨૫૬ માં **ગોડી પાર્શ્વનાથનું સ્તવન** અપાયું છે, છતાં અનુક્રમણિકામાં એને પણ " ગીત " ગણી લેવાયું છે તો તે કેવી રીતે સમુચિત ગણાય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કડીમાં "આઠ અવધાન" નો ઉલ્લેખ છે. તે **સુજસવેલીભાસ**( ઢાલ ૧ )ની ૧૫ મી કડીગત બાબતનું સ્મરણ કરાવે છે.

**એક સો આઠ બોલ સંગ્રહ**—આ હિન્દી કૃતિ છે કે ગુજરાતી તે જાણવું બાકી રહે છે.

અંતમાં એ વાતનો નિર્દેશ કરીશ કે ગૂ. **સા. સં.**( ભા. ૧ )માં યશોવિજય ગણિની લગભગ તમામ કૃતિઓને સ્થાન અપાયું છે ખરું, પરંતુ એ પુસ્તકનું શીર્ષક વિચારનારને એમાં હિન્દી કૃતિઓ હશે એવો ભાગ્યે જ ખ્યાલ આવે[1] અને વિશેષમાં એમાં ગુજરાતી કૃતિઓ સાથે હિન્દી કૃતિઓ એવી રીતે રજૂ કરાઈ છે કે યશોવિજય ગણિનું હિન્દી સાહિત્યને કેવું અને કેટલું અર્પણ છે તે તારવવું મુશ્કેલ થઇ પડે. આ પરિસ્થિતિમાં યશોવિજય ગણિની તમામ હિન્દી કૃતિઓ–એમણે રચેલાં હિન્દી સ્તવનો, ગીતો, આધ્યાત્મિક પદો, **સમતાશતક** અને **દિ. ચૌ. બોલ** એક જ પુસ્તકરૂપે અને સંતુલનાર્થે ઉપયોગી જણાતી અન્ય કૃતિઓરૂપ પરિશિષ્ટ તેમજ વિશિષ્ટ શબ્દકોશાદિ સહિત પ્રકાશિત થવી ઘટે.

[1] આ પુસ્તકમાં આદિજિનસ્તવન અને વિજયપ્રભસૂરિસ્વાધ્યાય એ બે સંસ્કૃત કૃતિને પણ સ્થાન અપાયું છે એ શું વિલક્ષણતા ન ગણાય ?

●

# નિંદા મ કરજો કોઈની પારકી રે.....

**શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી**

આજે કોણ જાણે કેમ બીજાની નિંદા–કૂથલી કરવાનો સ્વભાવ માનવ સમાજમાં જડ ઘાલી બેઠો છે. જરા પણ નવરાશ–ફુરસદ મળે એટલે આધ્યાત્મિક શાંતિના પ્રયત્નોને બદલે બીજાની સાચી–ખોટી વાતો કરવા–કાગનો વાઘ કરવા તલ્લીન બની જાય છે. એટલે આળસ–નિરુદ્યમતા આવા કાર્ય માટે સહાયક થાય છે. ખરું જ કહ્યું છે કે:—

**आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।**

નિંદા–કુથલી કરવાથી સ્વાભાવિક રીતે જ બીજા પ્રત્યે દ્વેષ પ્રકટે છે. અને એમ થતાં બીજા સાંભળનારાઓનું પણ આપણા પ્રત્યે માન ઘટી જાય છે. જેની નિંદા કરી હોય તેને પણ જાણ થતાં દ્વેષ થાય છે અને એ રીતે ભાવિ વૈર–વૃક્ષના બીજ રોપાય છે. કુટુંબોમાં પણ આ જ રીતે કલહના બીજ વવાય છે અને સંકુચિત દૃષ્ટિ થતાં આજે સંયુક્ત–કુટુંબો છિન્નભિન્ન થઇ રહ્યા છે.

મનુષ્યમાં બીજાના દુર્ગુણો જોવાની ટેવ પડી ગઇ છે અને પોતાના દુર્ગુણો પ્રત્યે કંઇ લક્ષ જ અપાતું નથી. સંસ્કૃત સુભાષિતકારે ખરું જ કહ્યું છે કે:—

**खलः सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति ।**
**आत्मनो बिल्वमात्राणि, पश्यन्नपि न पश्यति ।**

અર્થાત્ દુર્જન અન્યના રાયના દાણા જેવડા દોષોને પણ જુએ છે. કિંતુ પોતાના ગુફા જેવડા દોષોને આંખ હોવા છતાં જોતો નથી.

શ્રી સમયસુંદરજી પણ ખરું જ કહે છે કે:-

**"દૂર બળતી તુમે કાં દેખો રે,**
**પગમાં બળંતી દેખો સહુ કોઈ રે...;**
**પરનાં મેલમાં ધોયાં કપડાં,**
**કહો કેમ કરી ઉજળાં હોય રે....?"**

આપણા પગ નીચે જ બળી રહ્યું છે તે તરફ તો દૃષ્ટિપાત કરો ! દૂરની અગ્નિજવાળા શીદને જુઓ છો ? બીજાની થાળીની માખી શીદને ઉડાડો છો ? આપણી પોતાની થાળીમાં માખી પડતી નથી ને ?

For Private And Personal Use Only